GJJN210004302026

દાખલ તારીખ : ૨૫/૦૫/૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૨૫/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૦–૦૦–૧૭

**કેશોદના નામદાર બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**
**મુકામઃ કેશોદ.**

**ફોજ. પર. અરજી નં.૨૦૯/૨૦૨૬**
**આંક–**

**કાંતિભાઇ નરશીભાઇ હિંગરાજીયા,**
**ઉ.વ.આ. ૬૨, ધંધો–નિવૃત,**
**રહે.કરેણી,**
**તા.કેશોદ,**
**જિ.જૂનાગઢ. ............................................... અરજદાર/આરોપી**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી, કેશોદ.............................................સામાવાળા**

**બાબતઃ–** **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મળવા અંગે અરજી**

**અરજદાર/આરોપી તરફે વિ. વ. શ્રી વી.એલ.દેવાણી**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી. પી.પી.શ્રી એ.એમ.પારેખ**

**ઠ રા વ**

**(૧)** હાલના અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મંજુર કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

**(૨)** હાલની અરજીની ટુંકમા વિગત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુદ્ધ માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૬૨૬૦૦૩૨/૨૦૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭ (એ) તથા સહકારી સોસાયટી અધિનિયમની કલમ– ૧૪૭ (૧)(એ), (આઇ), (જે) (એલ), (એમ), (એસ), (આર) તથા ૧૪૮ મુજબનો ગુનો નોંધાયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારે અત્રેની કોર્ટમાં એફ.આઇ.આર. દાખલ થયા બાદ ફો.પ.અ.નં.૫૮/૨૬ થી આગોતરા જામીન અરજી દાખલ કરેલ જે અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર/આરોપીની પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટમાં ચાર્જશીટ પહેલા ફો.પ.અ.નં.૧૫/૨૬ થી જામીન અરજી દાખલ કરેલ જે નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ ફો.પ.અ. નં.૩૨/૨૬ થી ચાર્જશીટ બાદ જામીન અરજી દાખલ કરેલ જે અરજી વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ. જે બાદ અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા ચાર્જશીટ બાદની પ્રથમ અરજી કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીનું ફરિયાદીએ જાણી જોઇ ગંભીર પ્રકરણમાં ગુનામાં સંડોવી દેવાના ઇરાદે નામ આપેલ છે. અરજદાર/આરોપી નિર્દોષ છે. કહેવાતો ગુનો તેઓએ કરેલ નથી કે કોઇ પણ જાતનો ગુનો તેઓએ આચરેલ નથી. /આરોપી ઉપર સીધો કે પરોક્ષ રીતે ગુનામાં સંડોવાયેલ હોઇ તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવતું નથી. માત્ર શંકાના આધારે પોલીસે અરજદાર/આરોપીને હાલના ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. હાલના કામના ફરિયાદી સાચી હકીકત છુપાવીને હાલના અરજદાર/આરોપી સામે ખોટી ફરિયાદ કરેલ હોય.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી મંડળીમાં સને ૨૦૦૯ થી ૨૦૨૩ દરમિયાનનું નિયમ અનુસાર મંડળીમાં ઓડીટ પણ થયેલ છે જેમાં પણ કોઇ હિસાબ ખોટા કે ઉપજાવી કાઢેલ હોય તેવું બનેલ નથી. મંડળીના બંધારણના નિયમ અનુસાર મંત્રીની જવાબદારી નક્કી કરવામાં આવેલી હોય છે જેમાં મંડલીમાં કોઇને ધિરાણ આપવાનું તથા કાર્યક્ષેત્ર બહારના ખેડૂતોને ધિરાણ આપવું હોય તેમજ ખેડુતો સભાસદોના થાપણોની રકમ તથા તેનો વ્યાજ દર તથા થાપણની રકમનો ઉપયોગ કરવાની કે મંજુર કરવાની જવાબદારી પ્રમુખ તેમજ ઉપપ્રમુખ તથા વ્વસ્થાપક કમીટીના સભ્યોની સર્વ સમંતિથી કરવામાં આવતી હોય છે. માત્ર ને માત્ર મંત્રીની જવાબદારી હોતી નથી અને મંત્રીની ખાતરના હિસાબ કિતાબ કે સ્ટોકની કોઇ જવાબદારી હોતી નથી પરંતુ ક્લાર્કશ્રીની જવાબદારી હોય છે અને તે મુજબનો મંડળીમાં ઠરાવ પણ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામની એફ.આઇ.આર. જોવામાં આવે તો, કહેવાતો ગુનો તા.૦૯/૦૫/૨૦૦૯ થી તા.૧૪/૦૪/૨૦૨૪ સુધીના બનેલ અને તેની ફરિયાદ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે. આમ, સદરહું ગુનાની ફરિયાદ આશરે ૧ વર્ષ ૯ માસ અને ૨૩ દીવસ (અંદાજે ૬૬૩ દીવસ) જેટલી મોડી નોંધાયેલ છે. અરજદાર/આરોપી કેશોદ તાલુકાના કરેણી ગામના કાયમી રહેવાશી છે તેમજ

કુટુબકબીલા સાથે રહે છે અને જેથી ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી વયોવૃદ્ધ (સીનીટર સીટીઝન) અને અશક્ત વ્યક્તિ છે અને નિવૃત જીવન વિતાવે છે અને પોલીસ તેમને અટક કરી જેલમાં રાખે તેવી પુરી સંભાવના છે. અરજદાર/આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા જ્યુડી. મેજી. કોર્ટને રહેલ છે અને અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર યોગ્ય શરતોને આધીન મુકત કરવા રજૂઆત કરેલ છે. તેઓએ તેમની અરજીના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના સંજય ચંદ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનના ૨૦૧૨ (૧) એસએસસી. પાના નં.૪૦ ના ચુકાદો તેમજ નામદાર બોમ્બે હાઈકોર્ટ, ૧૯૮૧ Bom.C.R.193 (Dr. Dattatreya Samant V. State Of Maharastra), નામદાર ગુજરાઈ હાઈકોર્ટ Mis.Cri.App. No.453/85 (Somabhai patel V.State of Gujarat), નામદાર સુપ્રિમકોર્ટના AIR 1984 SC BHAGIRATHSINGH ના ચુકાદાઓ ટાંકેલ છે.

(૩) અરજદાર/આરોપીએ તેમની અરજીના સમર્થનમાં આંક–૩ વાળા લીસ્ટથી કુલ–૧૨ દસ્તાવેજી પુરાવા સાથેનું તથા આંક–૦૬ થી કુલ–૨ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ રાખેલ છે.

(૪) અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા શ્રી સરકાર તરફે વિ.એડી. પી.પી. શ્રીને સાંભળ્યાં.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ નથી. અરજદાર/આરોપી મંડલીમાં મંત્રી તરીકે હતા અને મંડળીમાં થયેલ ઠરાવ મુજબ તેમની હિસાબ કિતાબ કે સ્ટોકની કોઈ જવાબદારી હોતી નથી પરંતુ ક્લાર્કશ્રીની જવાબદારી હોય છે તેમજ જે કાંઇ પણ નિર્ણય લેવાનો હોય તે નિર્ણય કમીટીએ લેવાનો હોય છે. મંડળીમાં જે કાંઇ પણ વ્યવ્હાર થતા તે માત્ર ચેકથી જ કરવામાં આવતા. કોઇ વ્યવ્હાર રોકડેથી કરવામાં આવતો ન હતો. હાલના કામે ક્લાર્ક દ્વારા તેમની ડ્યુટી હોવા અંગેની કબુલાત આપવામાં આવેલ છે તેમજ સ્ટોક અંગેનું પત્રક પણ ક્લાર્ક દ્વારા તૈયાર કરવામાં આવતું હતું. આમ, અરજદાર/આરોપીનો ગુનામાં કોઇ ભુમિકા નથી. વધુમાં અરજદાર/આરોપી તેમના પરીવાર સાથે નિવૃત

જીવન વિતાવે છે અને ૬૨ વર્ષની વયોવૃદ્ધ ઉંમરના છે તેમજ કુટુબની ભરણપોષણની જવાબદારી તેઓના ઉપર રહેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ તપાસ અધિકારીને લેખિતમાં અરજી કરેલી હતી જે મુજબની કોઇ પણ તપાસ કરવામાં આવેલ નથી કે તપાસના કામમાં રજૂ રાખેલ નથી. વધુમાં હાલના ગુનાના કામે ચાર્જશીટ કરવામાં આવેલ છે જેથી હવે કાંઇ તપાસ કરવાની બાકી રહેતી નથી. આ કામે ઇ.પી.કો.ની કલમ–૪૦૯ લાગુ પડતી નથી કારણ કે અરજદાર/આરોપી સોસાયટીના મંત્રી હોય સદર ઇ.પી.કો.ની કલમ–૪૦૯ જે વ્યક્તિઓને લાગુ પડે તેમાંથી કોઇપણ વ્યક્તિમાં આવતા નથી. વધુમાં એવી રજૂઆત કરેલ છે કે, આ કામે ઇ.પી.કોડની કલમ–૪૦૬ અને ૪૨૦ એકસાથે લગાડવામાં આવેલ હોય જે બંન્ને કલમો એકી સાથે લગાડી શકાય નહિ.

વધુમાં, અરજદાર/ આરોપી કેશોદ તાલુકાના કરેણી ગામના વતની છે, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે અને ક્યાંય નાસી, ભાગી જાય તેમ નથી, તેમજ નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા તૈયાર છે તેમ જણાવી, અરજદાર/આરોપીની સદરહું રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૬) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારના આંક–૦૫ વાળા સોગંદનામા આધારે દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુદ્ધ ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી દ્વારા ગુનાની કબુલાત આપવામાં આવેલ છે. આમ, હાલના અરજદાર/આરોપીએ ગુનો કરેલાનું સ્વીકાર કરેલ હોય ત્યારે તેમની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવી ન્યાયોચીત નથી. હાલના અરજદાર/આરોપી દ્વારા મંડળીની સીલક તેમની પાસે હાલ ન હોવાનું અને પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખેલાનું કબુલાતનામું આપી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લી. જૂનાગઢના માંગરોળ શાખાના રોજમેળ બંધ સીલક પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખેલાનું તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ આપેલ છે અને તે રીતે હાલના અરજદાર/આરોપીએ ગુનો કરેલાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે. વધુમાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરિયાદ પક્ષના સાહેદોને ડરાવશે, ધમકાવેશે કે અન્ય રીતે ફરિયાદ પક્ષના કેસને નુકશાન કરવા પ્રયત્ન કરશે જેથી અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૭) આ કામે બંન્ને પક્ષોની દલીલો સાંભળી. આ કામના અરજદાર/આરોપીને

માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૬૨૬૦૦૩૨/ ૨૦૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭ (એ) તથા સહકારી સોસાયટી અધિનિયમની કલમ- ૧૪૭ (૧)(એ), (આઇ), (જે) (એલ), (એમ), (એસ), (આર) તથા ૧૪૮ મુજબના ગુનાનો આક્ષેપ છે.

વધુમાં ફરિયાદની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપી સેવા સહકારી મંડળીના મંત્રી તરીકેના સમય દરમિયાન ખોટા પત્રકો તથા રસીદો બનાવી તથા યોગ્ય હિસાબો નહી રાખી તેમજ પોતાના લાભ માટે ખોટા ધિરાણો જાણી જોયને મંજુર કરાવી તેમજ મંડળીના ચોપડા, કાગળ, જામીનગીરી સાથે ચેડા કરી, તેમાં ફેરફાર કરી મંડળીની પ્રમુખ સહિતની કમીટી તથા ખેડુત સભાસદો સાથે છેતરપીંડી તથા વિશ્વાસધાત કરેલ જેમાં (૧) રોકડ ઘટ ઉચાપત રૂા.૫૯,૪૨,૯૮૯/-, (૨) સ્ટોક ઘટ ઉચાપત રૂા.૨૬,૭૮,૯૯૧/-, (૩) ધિરાણ ઉચાપત રૂા.૭૦,૬૭,૧૦૦/-, (૪) થાપણ ઉચાપત રૂા.૩૦,૪૪,૦૦૦/-, (૫) બેન્ક ખાતા ઉચાપત રૂા.૧૩,૨૬,૪૩૦/-, (૬) અંગત લોન ઉચારત રૂા.૮,૯૦,૦૯૯/- મળી કુલ રકમ રૂા.૨,૦૯,૪૯,૬૦૯/- ની માતબર રકમની ઉચાપત કરી ગંભીર પ્રકારનો ગુનો આચરેલાના આક્ષેપ છે.

વધુમાં, હાલના કામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા પણ અરજદાર/આરોપીએ વધુમાં જણાવેલ છે કે, અરજદારે અત્રેની કોર્ટમાં એફ.આઇ.આર. દાખલ થયા બાદ ફો.પ.અ.નં.૫૮/૨૬ થી આગોતરા જામીન અરજી દાખલ કરેલ જે અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ ચાર્જશીટ રજુ થતા અરજદાર/આરોપીએ ફરીથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

વધુમાં જોઇએ તો, હાલના કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને ચાર્જશીટ સાથે સોસાયટીના અલગ અલગ વ્યક્તિઓના નિવેદનો પણ રજૂ થયેલ છે. તેમજ તેવા વ્યક્તિઓના બેંક સ્ટેટમેન્ટ તથા તેઓએ આપેલ રકમની રીસીપ્ટ રજૂ થયેલ છે. તે જોતા હાલના અરજદાર/આરોપીએ તેવા વ્યક્તિઓ પાસેથી અરજદાર/આરોપીએ રકમ સ્વીકારી રીસીપ્ટ આપેલ છે તથા તેવા વ્યક્તિઓના એકાઉન્ટમાંથી ત્યારબાદ રકમનો ઉપાડ કરેલાની વિગત પણ દર્શાવેલ છે. જ્યારે તેવા વ્યક્તિઓએ પોતે તે રકમ ઉપાડેલ નથી તેવું સ્પષ્ટ કથન કરેલ છે. આ સંદર્ભે અરજદાર/આરોપીએ તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ જુથળ સેવા સહકારી મંડળી લી.માં લખાણ કરીને આપેલ છે કે તેઓએ સોસાયટીની રકમ પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખેલ છે. આ લખાણ કરતી વખતે અરજદાર/આરોપી પોલીસ કસ્ટડીમાં ન હતા. તેથી પ્રથમ દર્શનીય રીતે આ

લખાણને પુરાવા તરીકે જોઈ શકાય. આમ, ચાર્જશીટ સાથે રજૂ થયેલ પુરાવાઓ જોતા હાલના અરજદાર/આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનીય કેસ બને છે.

અરજદાર/આરોપી તરફે એક રજૂઆત એવી છે કે, સોસાયટીના નિયમો મુજબ અરજદાર/આરોપીએ સોસાયટીની કોઈપણ રકમ માત્ર પોતાની એકલાની સહીથી ઉપાડી શકે નહિ. તેમજ એકાઉન્ટની જવાબદારી જયેશભાઇ મેઘનાથીની હતી તથા તેઓએ પોતાનો ગુનો કબુલ કરેલ છે અને હાલના અરજદાર/આરોપીનો ગુનામાં કોઇ રોલ રહેલ નથી અને ખોટી રીતે તેઓને ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપીની આ રજૂઆત સંદર્ભે જોઇએ તો, જામીન અરજીના નિર્ણયના તબકકે પુરાવાનું ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરવાનું થતું નથી. હવે જ્યારે આ તબકકે અરજદાર/આરોપી તરફે સને-૨૦૨૪ નું તેઓએ બેંકને લખેલ લખાણમાં પોતાના અંગત ઉપયોગમાં સોસાયટીની રકમ વાપરી નાખેલ હોવાની હકીકત જણાવતા હોય અને તે સમયે તેઓ કોઇ પોલીસ કસ્ટડીમાં પણ ન હતા ત્યારે તે હકીકત એક્સ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેશન ગણી શકાય. જેના વિશે કોઇ ખુલાસો હાલના જામીન અરજીના તબકકે અરજદાર/આરોપી તરફે કરવામાં આવેલ નથી. આવા સંજોગોમાં જવાબદારી અંગેની કે સોસાયટીના નિયમો અંગેની અરજદાર/આરોપીની રજૂઆત જામીન અરજી માટે મહત્વની રહેતી નથી.

વધુમાં જોઇએ તો, અરજદાર/આરોપી તરફે એક રજૂઆત એવી કરવામાં આવેલ છે કે, તેઓની વિરુદ્ધ ઇ.પી.કોડની કલમ-૪૦૯ મુજબનો ગુનો બનતો નથી તેમજ ઇ.પી.કોડની કલમ-૪૦૬ અને કલમ-૪૨૦ એકીસાથે આરોપી વિરુદ્ધ લગાડી શકાય નહિ. અરજદાર/આરોપીની સદર રજૂઆત સંદર્ભે જોઇએ તો, કઇ કલમ લાગુ પડે અને કઇ કલમ લાગુ નહી પડે તે અંગે અરજદાર/આરોપી વિરુદ્ધ ચાર્જફ્રેમ કરતી વખતે નિર્ણય કરી શકાય ખાસ કરીને કે જ્યારે આ કલમો બાબતે અલગ અલગ નામદાર હાઇકોર્ટ તથા નામદાર સુપ્રિમકોર્ટે કેસના સંજોગોને આધીન સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે અને હાલ માત્ર એટલી જ હકીકત ધ્યાને લેવા પાત્ર બને છે કે અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ છે કે કેમ અને કેવા પ્રકારનો ગુનો કરેલ છે.

વધુમાં, રજૂ થયેલ કેસ પેપર્સ મુજબની તમામ હકીકતો ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપી દ્વારા હાલના ગુના અંગે કબુલાતનામું આપવામાં આવેલ છે તેમજ જે સીલકની ઉચાપત થયેલ છે તે હાલ અરજદાર/આરોપી પાસે ન હોવાનું તેમજ હાલના અરજદાર/આરોપીએ પોતાના અંગત ઉપયોગ માટે સદર સીલક વાપરી નાખેલાનું તેમના કબુલાતનામામાં એડમીટ કરેલ છે. જેથી હાલના ગુનમાં અરજદાર/આરોપીનો પ્રથમ દર્શનીય રોલ હોવાનું ફલીત થાય છે. તેમજ અરજદાર/આરોપી સામે જે માતબર

પૈસાની ઉચાપત કરવાનો આક્ષેપ છે તે સને ૨૦૦૯ થી ૨૦૨૩ દરમિયાનના કમીટીના સભાસદો તેમજ ખેડુતોના કાયદેસર ધિરાણ પેટે મંડળીમાં મુકવામાં આવેલ નાણા છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં, વિશેષ કોઇ ચર્ચા નહિ કરતા, અરજદાર/આરોપી વિરુદ્ધ આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, અરજદાર/ આરોપીનો ગુનામાં ગંભીર પ્રકારનો રોલ તેમજ ગુનાની હકીકતો ધ્યાને લેતા, અત્રેની અદાલતને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી, અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાનું ન્યાયોચિત જણાતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

(૧) હાલના અરજદાર/આરોપીની હાલની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સબંધિત પોલીસ સ્ટેશને કરવી.

આ હુકમ આજ તારીખ દસમી, માહે જુન, ૨૦૨૬ ના રોજ મારી સહિ કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. કેશોદ**
**તા.૧૦/૦૬/૨૦૨૬**
**#ADM**

**( સંજય ધ્રુવકુમાર પંડિય )**
**બીજા એડીશનલ સેશન્સ જજ,**
**કેશોદ.**
**જીજે૦૦૫૭૯**